ઋતુવર્ણન.

ઋતુ વર્ણન.

કર્તા

(સ્વર્ગસ્થ)

શિવશંકર તુલજાશંકર દવે, બી, એ.
સુરત અને ભાવનગર હાઈસ્કુલના
માજીમદદનીશ માસ્તર
અને
છગનલાલ વિદ્યારામ રાવળ.
" ચોખવટનો " કર્તા.

લુણાવાડા.

येषाम् न चेतो ललनासु लग्नम्,
मग्नम् न साहित्य सुधा समुद्रे;
तेषाम् कथम् किं मनुजा प्रतीतिम्,
वृथा गतं तस्य नरस्य जिवितम्.

સંવત ૧૯૫૨.

મુલ્ય ૦-૩-૦

અમદાવાદ.

મામાની હવેલીમાં અમદાવાદ યુનાઇટેડ પ્રીન્ટીંગ એન્ડ
જનરલએજન્સી કંપની "લિમિટેડના" પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યું.

જે દમ્પતિ, નિરન્તર પ્રેમના શીતળ આલ્હાદિત ઝરણમાં રમણ કરે છે, અને જેઓના પ્રેમાર્દ્ર નિર્મળ અંતઃકરણમાં ક્લેશનો કિંચિત્ માત્ર પણ આભાસ નથી, તેવાં પવિત્ર અને પૂજ્ય બન્ધુ અને ભગિનીઓના ચરણકમળ આગળ હું આ લઘુ પુસ્તક અર્પણ કરું છું.

સે.

છ, વિ. રાવલ.

પ્રસ્તાવના.

લૂણાવાડા નિવાસી મારા સ્વર્ગસ્થ મિત્ર શિવશંકર તુળજાશંકર દવે* બી, એ, જેઓનું નામ આ ભાગમાંના વિદ્વાન વર્ગમાં જાણીતું છે, તેમણે પોતાની કસાયેલી કલમથી શિશિર, વસન્ત, વર્ષા અને ગ્રીષ્મ ઋતુનું કવિતારૂપે વર્ણન લખ્યું હતું, તેમનો વિચાર છએ ઋતુનું વર્ણન પૂરૂં કરવાનો હતો; પણ દુર્ભાગ્યે ભર યુવાનીમાં તેમનો કાળ થયો હતો. તેમની રચેલી કવિતામાંથી શિશિર ઋતુનું વર્ણન સુરતમાં નીકળતા "ચંદ્ર" નામના માસિક ચોપાન્યામાં આપેલું, તે કેટલાક સુજ્ઞ મિત્રોના વાંચવામાં આવ્યાથી તેમણે તેને અલાયદા પુસ્તકરૂપે બહાર પાડવાની સૂચના કરી હતી.

---

* આ સદ્દગૃહસ્થનો જન્મ રેવાકાંઠા એજન્સિમાં આવેલા લૂણાવાડા સંસ્થાનમાં સંવત્ ૧૯૧૨ ના મહા વદ ૧૪ (શિવરાત્રી) ને રોજ થયો હતો, બચપણથી જ તેઓ ચાલાક અને ચંચળ હોવાથી અત્રેની ગુજરાતી સ્કુલમાં ગુજરાતી શિક્ષણ પૂરૂ કરી બહાર ગામ જઈ અંગ્રેજી અભ્યાસ કરવાનું સૌથી પહેલું પગલું ભર્યું હતું, અને અમદાવાદ હાઇસ્કુલમાં મેટ્રીક થતા સુધી શિખ્યા હતા, અને ત્યાર પછી મુંબાઈ એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા હતા, ત્યાં ઊંચા પ્રકારની કેળવણી લેઈ સંન ૧૮૭૯ ની સાલમાં

એ કવિતાની અસલ પ્રત વાંચી જોતાં તેઓના ગ્રાજ્યુએટ તરીકેના સંસ્કૃત ભાષાના પ્રૌઢ જ્ઞાનને લીધે તેની શૈલી એવા પ્રકારની હતી કે, સામાન્ય કેળવણી પામેલાં સ્ત્રી પુરુષોને ગ્રન્થ કર્તાના મુખ્ય હેતુ અને રચના આખેહુબ સમજવાને અસાધારણ હતું, તેથી તેને સરલતામાં લાવવા અલ્પ સુધારો વધારો કરી તથા બાકી રહેલી હેમન્ત અને શરદ ઋતુની કવિતા પૂરી કરી તથા પતિએ પત્નિ પ્રત્યે પત્રરૂપે લખેલી કવિતા યોગ્ય સ્થળે મૂકી, આ લઘુ પુસ્તક ગુણજ્ઞ વાંચક વર્ગની સેવામાં મૂકું છું.

બી. એ. ની નામાન્કિત ડીગ્રી મેળવી હતી, આ વખતે આપણા ગૂજરાત પ્રાન્તમાં આવી મોટી ડીગ્રીઓ મેળવનારા ઘણા થોડા ગૃહસ્થો હતા, એટલું જ નહિ, પણ આ એજન્સિમાં અને મુખ્યત્વે કરી આ રાજ્યમાં આવી ચઢતા દરજ્જાની કેળવણી લેવામાં તેઓ પહેલા વહેલા હતા.

કૉલેજ છોડયા પછી તેઓ થોડી મુદત સુરત હાઇસ્કુલમાં આસિસ્ટન્ટ માસ્ટર તરીકે જોડાયા હતા, અને ત્યાર પછી ભાવનગર હાઇસ્કુમાં મદદનિશ શિક્ષક હતા, ત્યાં તેમણે ઘણી બાહોશી અને ખન્તથી કામ કરી સારી કીર્ત્તિ ફેલાવી હતી.

ભવિષ્યનો ફાયદો ધારી આ ખાતુ છોડી તેમણે રેવેન્યુ ખાતું પસંદ કર્યું હતું, તે ખાતામાં થોડા વખત ગા-

પુસ્તકના પૃષ્ટ ભાગ ઉપર તેઓના નામની સાથે મારૂં નામ મૂકવા મારો કિંચિત્ માત્ર પણ વિચાર નહોતો, પરન્તુ જો તેમ કરવામાં આવે તો મારી કવીતાના દો-

---

ણ્યા પછી તેમને ક્ષયનો દુષ્ટ વ્યાધિ લાગુ થયો હતો, અને તેજ રોગથી, કવખતે ખીલતી જુવાનીમાં તેમનું મૃત્યુ થયું હતું. સંવત્ ૧૯૩૮ ના પહેલા શ્રાવણ સુદ ૧, એટલે મરતી વખતે તેમની ઉમર માત્ર ૨૬ વર્ષની હતી.

તેઓ સુધારાના સાથી હતા, અને દેશોન્નતિ કરવા તરફ તથા સ્વજ્ઞાતિ બન્ધુઓનું શ્રેય કરવામાં નિરંતર સારી કાળજી રાખતા હતા; તેથી તેમણે આ ગામમાં "ઉદિચ્ય હિતેચ્છુ" સમાજ સ્થાપન કરી હતી. આ સભામાં તેઓએ પ્રસંગો પ્રસંગ ઘણાં કિમતી વ્યાખ્યાન આપ્યાં હતાં જેની અસર હજુ પણ અહિંના વતનીઓના મનપરથી ખસેલી જણાતી નથી અને તેથી તેઓ ઘણા પૂજ્યભાવથી તેમના આવા ઉત્તમ ગુણોની સ્તુતિ કરે છે.

ખન્ત, ઉદ્યોગ, નિરાભિમાનિપણું, સ્વધર્મ ઉપર શ્રદ્ધા, અને કામ કરવાની દ્રઢતા સાથે પ્રમાણિકપણું એ એમનામાં ખાસ ગુણો હતા, અને તેથી તે વખતે એવી આશા રાખવામાં આવતી હતી કે, ભવિષ્યમાં આ ગૃહસ્થ એક નિપુણ અને રાજ્યનીતિજ્ઞ પુરૂષ નીવડશે.

મિ. શિવશંકરનું આ ટૂંકું જન્મ ચરિત્ર લૂણાવાડાની ઉછરતી પ્રજાને દાખલો લેવા લાયક છે.

ષોની તુલના કરતાં તેમના પ્રત્યે વાંચનારના વિચાર દો-રાય, એ મને ઉચિત લાગ્યું નહિ, તેમ મારા કરતાં તેમની કવિતા કેટલે દરજ્જે શ્રેષ્ઠ છે, તે પણ જણાવવાના પ્રાધાન્ય હેતુથી મેં મારું નામ બહાર પાડ્યું છે, તો તેમાં જે ખામી હશે તે વાંચનાર બન્ધુ દરગુજર કરશે એવી આશા છે.

લૂણાવાડા.
સં. ૧૯૫૨
અધિક જેષ્ટમાસ સુદ ૨

સેવક.
છ. વિ. રાવલ.

ઋતુવર્ણન.

ગીતિ.

[1]યશદાયક [2]ગણુનાયક, લાયક [3]વાયક વદાવ હું વંદું;
[4]વિઘ્નવિનાશક ના—શક, ગ્રંથારંભે પ્રણામી અભિવંદુ. ૧
[5]વાણી સરસ રસ ખાણી, શાણી દે હંસવાહની માત;
તારી ભારી કૃપાથી, મુંગો વાણી વદેછ વિખ્યાત. ૨
ઋતુવર્ણન આ રચવા, મચવા ઇચ્છું કવિત્વ શક્તિમાં;
પણ હું અભણ નથી શક્તિ, ભક્તિ કરું તારી આધ—શક્તિમા. ૩

હેમન્તઋતુ.

શાલિની વૃત.

દીવાળી ને દેવ દીવાળી ચાલી,
તેણે કીધું શીતનું પાત્ર ખાલી;
રોગી ઋતુ શર્દિ ગૈ હાથ ઠાલે,
આ હેમંતે કાન્ત વિના ન ચાલે. ૧

આ ઋતુમાં વેરી થૈ છે વિધાત્રી,
ટુંકા દીનો ને કરી લાંબી રાત્રી;
નિંદ્રા ચોરી માહરી વિર્હ કાળે,
આ હેમંતે કાન્ત વિના ન ચાલે. ૨

---

૧ યશ આપનાર, ૨ ગણપતિ. ૩ વચન. ૪ વિઘ્નનો નાસ કરનાર. ૫ ચામડી.

વ્હાલા વિના ખાવું પીવું ન ભાવે,
વ્હાલા વિના [1]કામ [2]રિપુ સતાવે;
ઠંડી બાહ્યે અંતરે અગ્નિ મ્હાલે,
આ હેમંતે કાન્ત વિના ન ચાલે. ૩

શય્યા માંહે આથડિયાં હું મારું,
શય્યા માંહે મન મૂઝાય મારું;
નિરંકુશે કામનાં બાણુ સાલે,
આ હેમંતે કાન્ત વિના ન ચાલે. ૪

આ ઋતુમાં ટાઢનું જોર ફાવે,
આ ઋતુમાં સૌ પ્રવાહી જમાવે;
ફાટી જાયે રે ત્વચા આ શિયાળે,
આ હેમંતે કાન્ત વિના ન ચાલે. ૫

આ ઋતુમાં પ્રેમી ને પ્રેમદાઓ,
સાથે બેશી લે રતિ સુખ લ્હાવો;
ખુલ્લા દીસે [3]દંતના દંશ ગાલે,
આ હેમંતે કાન્ત વિના ન ચાલે. ૬

ખાયે રૂડાં દંપતી સુવસાણાં,
બીલી લીંબુ કેરી કેરાં અથાણાં;
તૃપ્તિ પામે શ્રેષ્ઠ મીઠા મસાલે,
આ હેમંતે કાન્ત વિના ન ચાલે. ૭

૧ કામદેવ. ૨ શત્રુ. ૩ દાંત.

ઓઢે પ્હેરે દંપતી [1]ઉષ્ણ વસ્ત્રો,
તેથી વીંધી ના શકે [2]શીત શસ્ત્રો;
વિલાસે તે રાત્રિ ને દિન ગાળે,
આ હેમંતે કાન્ત વિના ન ચાલે. ૮

કર્તી ચેષ્ટા કામિની કંથ સાથે,
પ્રેમે બીડે પ્યારીને પ્રેમાં બાથે;
વિખૂટાં તે ના પડે કોઇ કાળે,
આ હેમંતે કાન્ત વિના ન ચાલે. ૯

સંયોગીના પ્રેમ વિનોદ ચાળા,
દેખી દાઝું હું વિયોગિની બાળા;
દીધું બારે કષ્ટ દવે અકાળે,[3]
આ હેમંતે કાન્ત વિના ન ચાલે. ૧૦

કર્તી નીત્યે પ્રેમ વિનોદ વાત,
કાઢે છે તે ચેનમાં સારી રાત;
ક્રીડા કર્તી તેમને કોણ ખાળે ? ? ?
આ હેમંતે કાન્ત વિના ન ચાલે. ૧૧

વ્હેલાં ઊઠી દંપતી જાય બાગે,
ફર્તી હતી થાકથી ભૂખ લાગે;
પીતાં પ્રેમે ચા અને દૂધ પ્યાલે,
આ હેમંતે કાન્ત વિના ન ચાલે. ૧૨

૧ ગરમ. ૨ ટાઢ. ૩ કવખતે.

કર્તી પ્યારી પાકનો પૂર્ણ ઠાઠ,
ધર્તી પાત્રે સ્વામીને ચીજ આઠ;
પૂરા સ્વાદે દંપતી ખાય વ્હાલે,
આ હેમંતે કાન્ત વિના ન ચાલે. ૧૩

તૃપ્તિ પામી પાન સુપક્વ લાવે,
કસ્તૂરી ને એલચી મૂકી ભાવે;
પ્યારી પ્રેમે પ્રેમીને બીડી આલે,
આ હેમંતે કાન્ત વિના ન ચાલે. ૧૪

બાજી પત્તે સેતરંજે રમે છે,
ક્રીડા[1] કર્તાં દંપતી વિરમે છે;
દેખી સૌ તે હું રડું નીત્ય માળે,
આ હેમંતે કાન્ત વિના ન ચાલે. ૧૫

વ્હાલા કેરું દીલ સારું હુંફાળું,
તેના સ્પર્શે ઠંડી ના લેશ ભાળું;
ઠંડી વીંધે વિહંમાં ગાત્રી બાલે,
આ હેમંતે કાન્ત વિના ન ચાલે. ૧૬

શિશિરઋતુ.

માલિની વૃત.

શશી[2] કર કર શાન્તિ ઓષધીનાથ[3] આજે,
શિશિર[4] કિરણ બાળે વિહીને તે ન છાજે;

૧ વિલાસ. ૨ ચંદ્રમા. ૩ ચંદ્રમા. ૪ ઠંડાં.

યુવતિ પુરુષ ઇચ્છે તુજને શાન્તિ સારૂ,
પણ કરમ નઠારું મારુ ક્યાં જૈ સમારું. ૧

જગત જન વિરામે સ્પર્શ કિર્ણો થવાથી[1],
ખુશ ખુશ ખુશ થાયે દર્દ નાશી જવાથી;
અતિ જળહળ દીસે દ્યોત[1] તારા નિશાયે,[2]
સુભગ[3] યુગલ[4] તેમાં કામથી તૃપ્ત થાયે. ૨

યુવતિ પુરુષ પાસે પ્રેમ વાણી વદે છે,
વિનય શરમ ભીતિ ખૂબ તેને હ્રદે છે;
કમળવદની[5] કોડે કંથને બાથ ભીડે,
મદન પ્રગટ તેથી ના રતી માત્ર ચીડે. ૩

પતિ વદન વિલોકી[6] નમ્રતાથી કહે છે,
રતિ રસ ઝીલવાની વૃત્તિ[7] શય્યા ચહે છે;
શશિ પતિ નિરખીને રોહિણી[8] જેમ રાચે,
અધિક અધિક રાચું સ્વામિથી તેમ સાચે. ૪

ખગ[9] કુળ નર માદા નીડમાં[10] સુખ પામે,
ત્યમ પતિ સહ પત્ની નિજ ગેહે[11] વિરામે;
વિરહ પળ ન સાંખું હું ચકોરી સ્વચિતે,
નયન જળ ભરાતું વિર્હમાં પૂર્ણ રીતે. ૫

૧ પ્રકાશ. ૨ રાત. ૩ સારાં નશીબદાર. ૪ જોડું. ૫ કમળના જેવા મુખવાળી. ૬ જોઇ. ૭ ઇચ્છા, મરજી. ૮ ચંદ્રમાની સ્ત્રી. ૯ પક્ષી. ૧૦ માળો. ૧૧ ઘર.

કમનસિબ શું મારું દૂર સ્વામી રહ્યા છે,
વિરહ વિષમ શોકે મિત્ર શત્રુ થયા છે;
શયન સુખ મળે ના ઊંઘ ના લેશ આવે,
જમણુ જરી ન ભાવે સુખ સર્વે સતાવે. ૬

શીતળ પવન લ્હેરો વન્હિની[1] જ્વાળ ભાસે,
મધુકર[2] કલ[3] ગીતો ક્લેશ રૂપે પીવાશે;
સરસિ[4] કમળ દેખી ડોલતું આસપાસ,
વિરહિણિ દીન નારી મૂકું છું નિશવાસ. ૭

વસન્તઋતુ.

વસન્તતિલકા વૃત.

સંસારમાં સરસ સાર વિચારું જ્યારે,
સ્વામી વિના સરસ વાત સૂઝે ન ત્યારે;
કર્મે પતિ પડી રહ્યા દૂર દેશ લોકે,
દુઃખો દમે શરીરને મળી આજ થોકે. ૧

આજે વિનોદ કરતાં પશુ પક્ષી ભાળી,
નારી નરો વિચરતાં લઈ હાથ તાલી;
મારી દહે કુમળી દેહ ત્વચા[5] સ્મરાગ્નિ,[6]
જેવી દહે કુમળી કુંજ લતા વનાગ્નિ. ૨

૧ અગ્નિ ૨ ભમરો. ૩ મધુર. ૪ સરોવર ૫ ચામડી.
૬ સ્મર-અગ્નિ-કામરૂપી દેવતા. ૭ વનનો દેવતા-દાવાનળ.

રે મત્ત[1] કોયલ! કરે ક્યમ આમ ક્રીડા !
દેખી વિયોગિનીને મને ધર કૈંક વ્રીડા[2] ;
ઉત્કંઠી નાદ કરીને પિયુને પુકારે,
વાણી સુભાષિત કરે સ્મર[3] બાણ મારે. ૩

રે વાત ભ્રાત[4]! મુજને નહિ આજ વાતો,
પુષ્પો[5] તણા પરિમળે[6] નથી તું ખમાતો;
કામી બની બધી સુગંધીસુ બાથ બીડે,
દેખી મને વિરહિણી ક્યમ આમ પીડે ! ૪

રે રે અલિ[7]! ભ્રમરીને તજી કેમ આજે !
ગુંજાર વાણી વદતો નલિનીની[8] કાજે;
દુઃખી કરી ભ્રમરીને નહિ સુખી થાશે,
નક્કી તું તો ટટળીને દળમાં બિડાશે. ૫

રે રે અનંગ[9]! તુજ જોર હોસે વધારે,
સ્વામી વિના ક્યમ મને કરી કષ્ટ મારે;
ચોમેર પુષ્પ ફળ કુંજ લતા[10] વસંતે,
આપી રહ્યાં પણ પતિ વિણ દુઃખી અંતે. ૬

શૃંગાર સોળ સજી આડ કરી કપાળે,
ખેલે પ્રમત્ત[11] બની રંગ અને ગુલાલે;

૧ મસ્ત. ૨ દુઃખ ૩ કામદેવ. ૪ વા. ૫ ફૂલ. ૬ સુગંધ.
૭ ભમરો, ૮ કમળ. ૯ કામદેવ, ૧૦ વેલ. ૧૧ મસ્ત.

સૌ યુવતી સુખ વિલાસર્યો કાળ ગાળે ;
દેખી મને વિરહિણી અતિ કામ બાળે. ૭

ગ્રીષ્મઋતુ.

મંદાક્રાન્તા વૃત.

કિર્ણો તારાં રવિ પ્રબળ તે, લોકને ત્રાસ પાડે ;
પૃથ્વીને તે પરમ તપવી, પ્રાણીઓને પછાડે ;
વિયોગીને વિરહ દવની, સાથ તે તપ્ત[1] બાળે ;
એવાં એવાં કિરણ કપરાં, શાં મૂક્યાં ગ્રીષ્મ કાળે. ૧

છૂટે કેશે યુવતી[2] યૂથ જો, આ પ્રભાતે સિધાવે ;
છાતી કેરી રમણિક છટા, કામીને દીલ ભાવે ;
ધીમે ધીમે ધસતી તરુણી,[3] હસ્તી[4] ચાલે ગુમાની ;
ધીમે ધીમે ડગલુ ભરતાં, હાસ્ય કર્તી મઝાની. ૨

ઝંઘા તેની સરસાઈ કરે, એક બીજાની સાથે ;
સાડી છેડા સરસ લટકે, ઝાલિયો એક હાથે .
ગાલે રૂડાં કલહ[5] કથતાં, દંતનાં ચિન્હ દીસે ;
અંગે પ્યારાં પતિ નખતણાં, ચિન્હ દીસે અતિરો . ૩

૧ તપેલાં. ૨ સ્ત્રી. ૩ સ્ત્રી. ૪ હાથી. ૫ બહુ.

ટોળેટોળાં સરિત[૧] તટના, રાજમાર્ગે વળેછે;
પૂરા પ્રેમે પનઘટ ભણી, પ્રેમદાઓ પળેછે.
કેવો તેને રમત રમતાં, આજ ઊમંગ આવે;
કેવો આત્મા અધિક સુખના, રંગથી તે રીઝાવે. ૪

પાણી સાથે રમત રમવા, સાજ સારો સજેછે,
વસ્ત્રો મૂકી દ્વિજ–વર[૨] કને, વારિને[૩] તે ભજેછે;
મોજાં કેરો કુમળવદની, કામિની સ્પર્શ પામી,
ઠંડી થાતી શીતળ જળમાં, સૂર્યને શીશ નામી. ૫

પદ્મિનીનાં મુદિત મુખડાં, દેખતાં વાંત આજે,
દુઃખી ચિત્તે અધિક જળમાં, પેસતાં પદ્મ[૪] લાજે;
ઝંઘા પેખી કદળી[૫] વનમાં, હાય નાશી છુપાતી,
અંગોઅંગે પ્રગટ દવથી, રાંકડી તુલ્ય[૬] ભાતી[૭]. ૬

ક્રીડા કાજે પુરુષ પણ ત્યાં, આવતા નાર સાથે,
ગાઢા પ્રેમે શીતળ લહરી, ઢોળતા નિજ હાથે;
સામાસામી મદન રતિના, પ્યારથી હાથ ઝાલી,
પાણી ઝાઝું વદન પર તે, છાંટતા લેઈ તાળી. ૭

નાહી ધોઈ યુવતિ વળતાં, આવતી ઘેર જ્યારે,
વાટે તેને તરણિ[૮] તડકો, બાળતો તેહ વારે;
તેના મુખે અધિક બળથી, ભાનુ[૯] કિર્ણો પ્રસારે,

---

૧ નદી. ૨ ઉત્તમ બ્રાહ્મણ. ૩ પાણી. ૪ કમળ. ૫ કેળ. ૬ બરોબર. ૭ દેખાતી. ૮ સૂર્ય. ૯ સૂર્ય.

જાણે ચુંબે અધર રસને, ગાલને બોકી મારે. ૮

રાત્રે શય્યા વિવિધ ફૂલથી, સુખકારી કરે છે,
કામેચ્છાથી[1] પરિમળ[2] નરો, નારી અંગે ધરે છે;
રાતા સ્ત્રીના અધર દીસતા, પાનથી પ્રીતકારી,
ચંદ્રાકારી વદન ઉપરે, નાવલા[3] જાય વારી. ૯

હાસ્યે ખેલો મદન મદથી, જે કરે તે નિહાળી,
મારાં આજે વિરહ બળિયો, ગાત્ર દે સર્વ ગાળી;
નેત્રો મારાં જળમય[4] થતાં, લૂછતી વારવાર,
વિર્હાગ્નિ[5] ના શયન સમયે, ઊંઘવા દે લગાર. ૧૦

વર્ષાઋતુ.

શિખરિણીવૃત્ત.

અષાડે આકાશે, વિહગ[6] રમતાં જોયજ જદા,[7]
પ્રવાસી છોડે છે, કઠણુ કરમે ધીરજ તદા;
કરે છે કલ્પાંતો, ગદગદ રવે[8] આંસુ લુછતા,
વિયોગી કામાર્થી,[9] શુધ બુધ સહુએ વીસરતા. ૧

૧ કામની ઈચ્છા. ૨ સુગંધી પદાર્થ. ૩ સ્વામી.
૪ પાણીવાળાં. ૫ વિર્હ+અગ્નિ. ૬ પક્ષીઓ. ૭ જ્યારે.
૮ શબ્દ. ૯ કામ+અર્થી.

મયૂરોની[1] વાણી, અધિક રસ આપે શ્રવણને,[2]
બધાં પક્ષી બોલી, તરત જગવે છે મદનને;
બધાં પ્રાણી સ્થિતિ, નિજ સ્થળ કરે છે ભય ધરી,
બધાં પક્ષી તેમાં, નિજ ઘર રહે મેઘથી ડરી. ૨

નદીઓ ને નાળાં, બહુ જળ ભરેલાં સુખ કરે,
કડાકા કર્તો આ, જળધર[3] જનોનાં ચિત હરે;
બિછાનામાં સ્ત્રીને, અતિશય ડરાવે ગરજના,
ધ્રુજે આખે અંગે, પતિ પતિ જપે પદ્મવદના.[4] ૩

નીચું ઊંચું ભાળી, ધરણિ[5] પર ચાલી પડી જતી,
ઓઠાડો ને પ્યારા, વચન દીનતાનાં[6] ઉચરતી;
સમો આવ્યો ખોટો, પ્રિયતમ વિદેશે જઈ રહી,
ન જાણો પ્યારીની, અવનિતલમાં[7] શી ગતિ થઈ. ૪

પશુ પક્ષી આજે, વિધવિધ વિલાસો અનુભવી,
કરે નૃત્યો ગાનો, વરણુન કરે શું બહુ કવિ?
ખરે પ્રાણી કેરા, ઘનઘન અવાજો પ્રસરતા,
નથી રે'વાતું જો, રતિપતિ[8] શરો[9] દેહ દમતાં. ૫

દ્વિજો સંધ્યા પૂજા, ખટ[10] કરમ સર્વે સજ કરી,

૧ મોર. ૨ કાન. ૩ વર્ષાદ. ૪ પદ્મ+વદના. ૫ પૃથ્વી. ૬ ગરીબાઇ. ૭ પૃથ્વી. ૮ કામદેવ. ૯ બાણ. ૧૦ બ્રાહ્મણનાં સંધ્યા વિશ્વદેવ આદિ છ કર્મ.

શિવાખ્યાનો[1] વાંચી, ઘર તરફ આવે પ્રીત ધરી;
મળી ભેટી ઓને, શયન સુખ પામે રજનીસુ,[2]
પ્રદોષી[3] વેળાયે, પતિ વદન જોવા મન હિસુ.[4] ૬

ઊભી વાટે ઘાટે, દૂર દૂર નિહાળું નજરથી,
વળી પંથી દેખી, અભિગમ[5] વળું હું ગરવથી;
વિચારું છું નિત્યે, મુજ પ્રિતમ આવે જઇ મળું.
વિધાત્રી થૈ વેરી, નહિ પતિ હું દેખું બહુ બળું. ૭

સ્વયંભૂ દેવાને, નમિ નમિ સદા હું સ્તુતિ કરું,
લૂણેનાથે[6] મારું, કરમ કરણીથી સુખ હર્યું;
પડું પંથે આંથી, વદન કરમાતું લઇ ખરે,
પતિ પ્યારા સારુ, જીવન ધરતી ના જતી મરી. ૮

કદી સ્વામી મારો, અભણુ ઊલટો હોય મુજને,
નહી આધિ સાંખું, જીવ તરત અર્પું જમ કને;
લતાની પેઠે ના, વળગી રહી રાખી શરમને,
હવે ધિક્કારું શું, વિરહ કરનારા કરમને. ૯

તમે સ્વામી જો કે, ઉદધિ[7] લહરી સંગ રમશો,
અતિ આશા વાળા, નગર પુરુષો સંગ ભમશો;

---

૧ મહાદેવનાં આખ્યાન. ૨ રાત્ર. ૩ સાંજ સમય. ૪ ખુશી થયું. ૫ પાછું વળવું. ૬ લૂણાવાડાના આસ્થ દેવતા–લુણેશ્વર મહાદેવ ૭ સમુદ્ર.

થશો કાલાઘેલા, યુવતિ નિરખી તે નગરની,
સ્મૃતિ[1] ત્યાં થાશે ના, પીડિત નિજ પત્ની ન ઘરની. ૧૦

નમી જગદંબાને,[2] દીપક[3] કરીને વિનતી કરું,
ઘૃતે[4] પૂરી ઝારી, દ્વય[5] કર ધરી કુંકુમ[6] ભરું;
જતી[7] ઘેલી ચર્ણે, નશિબ તણી રેખા રૂંઝવવા,
મહાદેવી મોટા, અવગુણ કરો માફ મુજના. ૧૧

થતા વર્ષા માંહે, ઘન ઘન અવાજો કરણમાં,
પ્રવાશી તે વેળા, તરત ભય માને અરણમાં;*
સુખી મેઘા તું છે, સમિપ રહી વ્હાલી વહુ કને,
વિદેશે છે વ્હાલો, લગીર સુખ હોયે કયમ મને. ૧૨

દીઠા છે તેં મેઘા, ? મુજ પતિ ગયા સ્ટીમર ચઢી,
સમાચારો તેના, ત્વરિત[8] કથ વિહેં બહુ રડી;
ચમત્કારો તારી, ચકચક થતી વ્યોમ[9] કરતી,
અરે કેવી પ્યારી, વિજળી વિજયી સાથ ફરતી. ૧૩

વિયોગીને કિર્ણે, અરુણ-યુવતી વીંધીશ નહીં,
પતિ સાથે રે'જે, વિરહ કદી તું વેઠીશ નહીં;
અભાગી નારી હું, અપરિમિત[10] અત્રે દુઃખ સહું,
સુભાગી તું લે છે, પરમ સુખ કેરો રસ બહુ. ૧૪

૧ યાદ. ૨ જગત્+અંબા. ૩ દીવો. ૪ ઘી. ૫ બે. ૬ કંકુ.
૭ લુણાવાડામાં માતા છે. ૮ તાકીદે. ૯ આકાશ. ૧૦ ઘણું.
* અરણ્ય=વન.

જતાં શય્યા પાસે, થરથર ધ્રુજે થણું મુજના,
સપાટામાં આવી, વિરહ અરિ[1] ને માર[2] તુજના;
કર્યા પેલે જન્મે, દુકૃત[3] ફળ પામી પલકમાં,
વિધાતા તારો હું, અવગુણ ગણું ના ખલકમાં.[4] ૧૫

અરે નિદ્રા દેવી, લગીર કર તું મે'ર મનથી,
કદી સ્વપ્ના વિષે, પરમ સુખ પામું સ્વજનથી;*
જરી પ્રેમે પેખી, પ્રિતમ દીલ આલિંગન કરું,
ગઈ નિદ્રા નાશી, નયન નિરખ્યું વિહૈ લકરું. ૧૬

વીંધે અર્ધી રાત્રે, કુસુમસર[5] છોડી ગરવથી,
તુ લે પાછાં ખેંચી, સ્મર[6] વિજયી શસ્ત્રો સરવથી;
સહુ પ્રાણી આજે, સુખદ[7] વરસાદે ખુશ થતાં,
અભાગી વિયોગી, મુજ સમ દુઃખે તે ડુબી જતાં. ૧૭

શરદઋતુ.

ત્રોટક છંદ.

પ્રિય પ્રાણ પતિ પરદેશ પળ્યા,
કશુ કામ કુભાંડ ન કંથ કળ્યા;
દિન દારુણ[8] દુઃખ ખમું ન દયા,

---

૧ શત્રુ. ૨ કામદેવ. ૩ નઠારાં કામ. ૪ દુનિયા. ૫ ફૂલનાં બાણ. ૬ કામદેવ. ૭ સુખ કરે એવા. ૮ ભયંકર. * પતિ સ્વ-જન.

કરુણાળુ છતાં ક્યમ ક્રૂર થયા. ૧

સુખનું નહિ દેખી શકું શમણું,
ફરકે[1] મુજ અંગ સદા જમણું;
છલકે નિત લોચન[2] ને ભમણું,
અતિ દુસહ[3] દુઃખ વિયોગતણું. ૨

શરદે શરદી ચિજ ના સદતી,
ચઢી પિત્ત પ્રકોપ પીડા વધતી;
ઉતરા ચિતરાથી* રુતુ તપતી,
સ્મર તાપથી દગ્ધ પતિ જપતી. ૩

ભલી ભાદરવે પૂર વૃષ્ટિ[4] કરી,
કુંડ વાવ અને કૂપ[5] દીધ ભરી;
ન તળાવ તથા નદી જાય તરી,
જળ ચોગમ રેલ રહી પ્રસરી. ૪

ગઇ આનન[6] ચૌદશ તો દમતી,
નહિ પીડ શરાદ મહી શમતી;
નવરાત્ર તણા દિનમાં રડતી,
પતિ વિણુ દશા નડતી પડતી. ૫

---

૧ સધવા સ્ત્રીનું જમણું અંગ ફરકે એ અમંગળ ચિન્હ છે.
૨ આંખ. ૩ દુઃસહ—કઠિણુ. ૪ વર્ષાદ. ૫ કૂવો. ૬ આનંદ ચૌદશ.
* ઉત્તરા ચિત્રાનો તાપ.

નવરાત્રી વિષે રમણી રમતી,
ગરબે ગરબે ગરવે ભમતી;
નહિ ડાકણી શાકણી ત્યાં દમતી,
કરી ગમ્મત તે પિયુને ગમતી. ૬

ગરબા ગજવે શુભ રાગવતી,[1]
રસમાંહ ઝીલી ખુબ રાગવતી;[2]
પતિ પાસ પ્રિયા અનુરાગવતી,[3]
રવડી મરુ હું ખટરાગવતી.[4] ૭

ભલી [5]ભામની સૌ સદભાગ્યવતી,
વિરહિણી હું છું કમભાગ્યવતી;
સખી તું દુઃખમાં, સમભાગવતી,[6]
દુઃખ ભાગી શકે નહિ ભાગવતી.[7] ૮

પતિ સંગ પ્રિયા પ્રીતથી જમતી,
અતિ દંપતી દેખુ ઘણું ગમતી;
નથી પ્રેમ વિનોદ રતી[8] કમતી,
તજી ગર્વ સદા હું રહું નમતી. ૯

નવરાત્રિ વિષે નહિ નાથ મળ્યા,
ગરબા ગમતા નથી ખૂબ ગળ્યા;

૧ રાગથકી. ૨ રાગવાળી. ૩ પ્રેમવાળી. ૪ દુઃખવાળી. ૫ સ્ત્રી. ૬ સરખા ભાગવાળી. ૭ ભાગવતવાળો. ૮ જરા.

પરદેશ પતિ રતી ના પિગળ્યા,
તજી તારુણી પ્રીતમ કેમ ખળ્યા. ૧૦

વસમી વિરહે વિજયા દશમી,
નહિ ખાવી ગમે દૂધને દશમી;
નહિ સ્વારી ચઢી નહિ પૂજી સમી,
નહિ અંતર જ્વાળ લગાર શમી. ૧૧

રહી માણકઠારી પતિ વિરહી,
અતિ શાન્તિ શશી મહિં આવી રહી;
ક્રૂર કામ રિપુ શરમાય નહિ,
કરી કાયર કાયર કાય દહી. ૧૨

સીપ સાગર મુખ ઊઘાડી રહે,
જળ સ્વાતિ[1] પીવા ધરી પ્યાર ચહે;
ખરું મોતી બને ઝટ બુંદ ગ્રહે,
જગ પૂનમ માણકઠારી કહે. ૧૩

ખુશકારક ચંદની રાત મહી,
અતિ સંતતિનાં અભિલાષી રહી;
નર નારી વિલાસી અગાશી જહી,
રમતાં રસ ગમ્મત લાવી તહીં. ૧૪

---

૧ એક નક્ષત્રનું નામ છે.

તન અત્તર ચંદન ચર્ચી ચહી,
મન રંજન અંજન આંજી અહીં;
જમી દૂધ પુંઆ પકવાન દહિં,
ન્યૂનતા કરતાં કશી દેખું નહીં. ૧૫

સીપ લે જ્યમ સ્વાતિનું બુંદ સહી,[1]
પ્રમદા રસ સુરત લેતી ગ્રહી;
નિરખું નિગળે અતિ અશ્રુ વહી,
કથની જતી કષ્ટ તણી ન કહી. ૧૬

કુસુમાયુધ[2] રીસથી કેશ સહી,[3]
પટકી પીડ દે નહિ જાય સહી;
તજી પંજર હંસ જશે જ સહી,[4]
કયમ ધીરજ ધારું હું વ્હાલી સહી.[5] ૧૭

કરી સોળ કળા શરદી પુનમે,
શશી ખૂબ ખીલ્યો દુઃખકારી સમે;
અતિ અંગ અનંગની આંચ દમે,
નહિ ઉજ્વળ ચાંદની જોવી ગમે. ૧૮

ધરી ભૂષણુ અંગ રૂડાં પ્રમદા,
નવરંગ સુચીર સજી ઉમદા;

૧ પકડી. ૨ કુસુમ+આયુધ. ફૂલના હથિયારવાળો-કામદેવ.
૩ પકડી. ૪ નક્કી. ૫ સખી.

મળી મેદનીમાં ખસી જાય સદા,
પતિ વિણ ઉમંગી થતી ન કદા. ૧૯

નિત યાદ થતો પતિ પ્રેમ રુડો,
અતિ મિષ્ટ ચહું પતિ પ્રેમ પૂંડો;
મુજ જીવ રૂપી ફળ ખાય સૂડો,
નિત કોતરી ખાય અપાર ભૂંડો. ૨૦

અતિ શ્રેષ્ઠ દિસે પતિ પ્રેમ મણિ,
તુલના ન થતી રતિ પ્રેમ તણી;
શી અલૌકિક પ્રેમની રીત ઘણી,
ગુણ તો નહિ લેશ શકું હું ગણી. ૨૧

પતિ અક્ષય[1] પ્રેમ નિરંતર છે,
દિલ એક જરી નહિ અંતર છે;
નિત ધ્યાન વસ્યું મુજ અંતર છે,
પતિ પાસ અલૌકિક મંતર છે. ૨૨

પતિ નિર્મળ પ્રેમનું પાણી મીઠું,
નથી અમ્રત એથી અધિક મીઠું;
પૂરી પ્રીતથી તે પય પીતી મીઠું,
પતિ પાસ રહેલ ભરેલ પીઠું. ૨૩

૧ નાશ ન થાય એવો અ+ક્ષય.

અહિં વિરહ ને સ્મર દંત પિસે,
રહું તેથી દુઃખે અકળાઇ ચીસે;
કનડે કુમભાગ્ય ભરાઈ રીસે,
તજિ કંથ ગયા દૂર દેશ દિશે, ૨૪

ઝરતાં[1] અતિ અશ્રુ નહિ અટકે,
નિત નિર્મળ નીર ગળે અટકે;
કરી કેર વિયોગ રમે ઝટકે,
ચઢી શીત દમે ધ્રુજને ચટકે. ૨૫

મન મોહન વિણુ ઘણું ભટકે,
ચિત વિણુ ચતુર સદા છટકે;
ફિટકાર થતાં દિલડું ફટકે,
ફળ કેવું થશે જિવ તો ફટકે. ૨૬

અતિ વિરહ કૂર કસાઇ ખરો,
કરમાંહિ ધરી અણિદાર છરો;
મુજ જીવ રુપી પકડ્યો બકરો,
અહિં કોણુ બચાવી કરે નકરો ! ૨૭

ગીતિ છંદ.

વાજે તાલ મૃદંગે ગાજે ભેરી અને ઝાંઝ જોરે;

1 આંસુ.

વાજાં ને સારંગી વળી વાંસલી કલેજું મુજ કોરે.

દુઃખનો અંત ન આવે જ્યાં સુધી નહીં પતિ ભુવન[1] આવે,
મદન અતીશ સતાવે પતિ પ્રેમ હરનીશ યાદ આવે. ૨

દોહરો.

દીવાળીના દીનમાં, પતિનો આવ્યો પત્ર;
તે પૂરા પ્રેમે કરી, વાંચે પદ્મિની અત્ર. ૧

વ્હાલી અર્ધાંગના * * *

હરિગીત છંદ.

નથી જમણુ ગમતું ભ્રમણતામાં ચિત્તડું મારુ જતું,
થયું સ્હેજમાં ઉદાસ નહિ મન સેજમાં જરી ગોઠતું;
સૌ નગર ચૌટાં બાગ બગીચા ભુવન ખાવા ધાય છે,
રે ! રે ! પ્રિયા મન વિરહ થાતાં માહરૂં મૂઝાય છે. ૮

વિશાળ આ નિશાળ સુંદર તરુણ વાડી શોભતી;
તારા મનોહર ગાલ સમ ગુલાબની કળી ઓપતી;
તુજ કદળી જેવી ઝંઘનું થાતાં સ્મરણ કંઈ થાયછે;
રે ! રે ! પ્રિયા મન વિરહ થાતાં માહરું મૂઝાય છે. ૨

શી મૃદુ લતા બહુ વાંકથી આ માંડવે શોભી રહી,
તે ચેનથી સુખ ભોગવે આધાર સ્વામીનો ગ્રહી;

---

૧ ઘર. ૨ કોમળ–નરમ.

તે ચિત્રને વિચિત્ર દેખી ચિત્તમાં કંઈ થાય છે,
રે ! રે ! પ્રિયા મન વિરહ થાતાં માહરું મૂઝાય છે. ૩

સૌ વેલિયો બહુ પુષ્પ કેરા ભારથી ઝૂકી રહી,
એ પુષ્પના સુવાસમાં મુજ વૃત્તિ ચોંટી ના રહી;
રચના મનોહર સૃષ્ટિની ઝાંખી મને દેખાય છે,
રે ! રે ! પ્રિયા મન વિરહ થાતાં માહરું મૂઝાય છે. ૪

ગીતિ.

શી સૃષ્ટીની લીલા પ્રેમ તણું પાન વૃક્ષ વેલી કરે:
સકળ સ્થળે સ્મર ચેષ્ટા વિયોગિ મુજને પ્રિયાનું સ્મરણ કરે. ૧

છપય છંદ.

ગમે ન ઘરને દ્વાર, ગમે નહિ પાક રસાળા;
ગમે ન નિર્મળ નીર, ગમે નહિ માલ મસાલા;
ગમે ન મેડી ગોખ, ગમે નહિ સુંદર સેજો;
ગમે ન ખુરશી ખાટ, ગમે નહિ રમણિક મેજો;
નહિ ગમે રસિક આ ગ્રંથ ને, ચીજ સૌ ખાવા ધાય છે;
તજી જાતાં પ્યારી તુજને, દીલમાં કષ્ટ કષ્ટ થાય છે. ૧

સુણી દુંદભી નાદ, મન મારું ના ચમકે;
ચમકી ઊઠું નીલ, સુંદરી તારા ઠમકે;
ગમે ન છત્રીસ રાગ, મનોહર શબ્દો સારા;

પડે ન મુજને ચેન, સરસ રસ લાગે ખારા;
નાજુક સુંદર મન મોહની, પદ્મિની ભ્રમિત હું તારુણી;
તજી ભાન બની ગુલતાન મેં, પીધી પ્રેમની વારુણી.[1] ૨

જળ માગું તો દૂધ' તુરત લાવીને આપે;
વદીને મીઠાં વેણ, કષ્ટ મારાં તું કાપે;
જમાડી મુજને જમે, મને પોઢાડી પોઢે;
રમાડી સાથે રમે, કહ્યું કરતી મુજ કોડે;
આલિંગન દેતી પ્રેમથી, કરી કપોળ[2] મુખ આગળે;
લહું અવર સકળ સુખ તુચ્છ છે, તુજ વિલાસ સુખ આગળે.૩

નર નારીની જોડ, કોડ મળી પૂરા પાડે;
ચકવા ચકવી જોડ, વિલાસે દિવસો કાઢે;
શુક સારિકા જોડ, ગમતમાં કાળ ગુજારે;
હંસ અને હંસલી, પરસ્પર ચુંબે પ્યારે;
વળી મોર કળા કરી પ્યારી મન, થન થન નૃત્ય કરી હરે;
નહિ ખાય પીયે સુખ ભોગવે, વિયોગમાં ઝૂરી મરે. ૪

લૂણ[3] વગરનું ધાન્ય, માન્ય કરવું એ સારું;
વસવું જંગલ વાસ, ઘાસનું ઝુંપડું પ્યારું;
શયન ભલેરું ભોંય, ઊસીકે પથ્થર મૂકી;
ભલું ઝરાનું નીર, ભલી આં ઝાડી સૂકી;

૧ મદ્ય. ૨ ગાલ. ૩ મીઠું.

વળી વાઘ, વરુ સિંહ, રીંછડાં, વસવું રુડું એ સાથમાં;
કદી કિંચિત દુઃખ માનું નહિં, જ્યાં પ્યારી સંગાતમાં. ૫

ભલું અકાળિક મરણ, ભલું ફાંશીયે લટકવું;
ભલું કરવું વિષ[1] પાન, ભલું શૂળીપર ટકવું;
ભલું બાળવું અંગ, ભલું ગબ્બરગઢ ચઢવું;
ભલું કપાવું શીર, ભલું સાગરમાં પડવું;
ભલું કચરાવું પથ્થર નીચે, પંચ ઇટાલી સ્હેલ છે;
પણ પ્યારી તારું વિરહ દુઃખ, ખમવું બહુ મુશ્કેલછે. ૬

સોરઠો.

પક્વ[2] ઘીલોડે રંગ, મળતો તારા અધરને;[3]
મન થાયે છે ભંગ, એ જોયેથી શું વળે ?



૧ ઝેર. ૨ પાકા. ૩ હોઠ.

ચોખવટ કિમ્મત રૂ૦—૫—૦

ટુંક મુદતમાં આ પુસ્તકની લગભગ એક હજાર નકલો ખપી ગઈ છે. વિશેષ ખાત્રી સારુ નીચેના અભિપ્રાયો જોઈ જશો.

I have read "Chokhavat" and found it very interesting. The book shows a good deal of minute observation, onmany ordinary topies and therefore will very likely be instructive to old and young. Besides a good substance, the book has an addittional recommendation of having been written in simple, idiomatic, pure and popular Gujarati language. It is calculated to raise the moral tone of the readers with regard to the purity both of mind and body. I should like to see the book, placed in the hands of boys and girls. The book in my opinion deserves every encouragement.

(Sd). Kashiram Sevakravm Dave, M.A.,
(Once Senior fellow),
Deccan College Poona.

"ચોખવટ" વાંચી જોયાથી મને ઘણી રસિક માલૂમ પડી છે, ઘણી સાધારણ બાબતો ઉપર સૂક્ષ્મ અવલોકનનો એમાં સારો ભંડોળ છે; તેથી વૃદ્ધ અને બાલ બધાંને બોધ મળશે એમ જણાય છે, સારી મતલબ ઉપરાન્ત એ ચોપડીની બીજી ભલામણ એ છે, કે તે સાદી રૂઢ, શુદ્ધ અને લોકપ્રિય ભાષામાં લખાયલી છે, વાંચનારના મન અને તનની શુદ્ધતા વધી લોકોની નીતિમાં આ ચોપડીથી લાભ થવાનો સમ્ભવ છે. બાળકો અને કન્યાઓના હાથમાં એ ચોપડી જોઈ હું ઘણો પ્રસન્ન થઈશ. હરેક રીતે તે ઉત્તેજનને યોગ્ય છે.

(ઘર નં. ૪૮ દાદીશેઠની અગિયારી લેન મુંબાઈ
તા. ૨૭-૨-૯૨)

કાશીરામ સેવકરામ દવે એમ, એ.

એકવાર સીનીયર ફેલો ડેકન કાલેજ પુના—હાલ
ગુજરાત કાલેજના પ્રોફેસર અમદાવાદ.

Chota Udepur,
12th December 1891.

DEAR CHHAGANLAL,

On perusal, I find your book Chokhvat very instructive especially for young boys and girls attending Vernacular

Schools. It also contains much information, very useful to adults, both males and females, and it is written in such a style that any one can read it without being tired.

Yours truly,

(Sd.) H. P. Kamakaka,

L. M. & S.

તમારી ગૂજરાતી "ચોખવટ" ની ચોપડી તપાશી જોતાં તે ચોપડી મને તથા મુખ્યત્વે કરીને ગૂજરાતી નિશાળવાળા છોકરા તથા કન્યાઓને માટે ઘણી જ રમુજી અને જ્ઞાનવાળી માલૂમ પડી છે; તેમાં વળી ઘણી સારી ખબરો લખેલી છે, અને તે ફુવડ સ્ત્રીઓ તેમજ પુરુષોને બહુ ઉપયોગી છે, અને તે એવી ભાષામાં લખાયલી છે, કે ગમે તે કોઈ વાંચવા બેસશે, તે કંટાળો આણ્યા સિવાય વાંચશે.

છોટા ઉદેપૂર ૧૨-૧૨-૯૧.

તમારો સાચો સ્નેહી,

એચ, પી. કામાકાકા. એલ. એમ. એસ.

ચીફ મેડીકલ હોફીસર છોટાઉદયપૂર.

એ ચોપડીનો ઘણો ભાગ મ્હેં વાંચી જોયો, તે ઉપરથી એની રચના તથા મતલબ ઠીક છે, શૈલી સરલ છે, અને એ ગ્રંથનો વિષય સમજુ તથા વિદ્વજનને પોતાના જાણપણાને ટેકો તથા સ્મૃતિ અને ઉત્તેજન મળવા, તથા અજ્ઞાન વર્ગને જાણપણું પ્રાપ્ત થઈ તેનો લાભ મળવા સારો ઉપયોગી છે.

(અમદાવાદ, બુધવાર તા. ૩૦-૯-૯૧)

શુભેચ્છક.

રા. બ. ખુશાલરાય સારાભાઈ

માજી દીવાન છોટા ઉદયપૂર સ્ટેટ.

"ચોખવટ" સામટી રીતે લેતાં સર્વને ઉપયોગી થઈ પડે એવું છે, તેમાં વિશેષ કરીને વિદ્યાર્થી વર્ગને વિશેષ મનન કરવા યોગ્ય છે.

(જા. નં. ૧૯૩ ગણેશવાડી મુંબાઈ તા. ૨૧-૧૦-૯૧)

લક્ષ્મિદાસ ખીમજી જે, પી.

હુકમથી.

છોટાલાલ આણંદજી.

તમે જે વિષય ચર્ચ્યો છે તે સાર્વજનિક હિતનો છે, અને તમારી ભાષા સર્વથી સમજાય તેવી છે; તેથી મને આશા છે કે તમારો લખવાનો ઉદ્દેશ પાર પડશે.

(ધારવાડ. સં. ૧૯૪૮ માઘ સુ. ૫ વસંતપંચમી તા. ૩-૨-૯૨).

ગણપતરામ અનુપરામ ત્રવાડી.

ભાવનગર પાટવી કુંવરશ્રીના ટ્યૂટર–હાલ ડે. એજ્યુ. ઈ. સોરઠ–ખંત મહેનત અને મીઠી મીઠી વાતોના કર્તા.

તમારું "ચોખવટ" નામનું નાનકડું પુસ્તક હું વાંચી ગયો છું, છોકરાંઓને ઉપયોગી થઈ પડે એવી ઘણીક શીખામણો એમાં સમાયેલી છે. એમાં દર્શાવેલા વિચારો બહુ અંશે વાસ્તવિક જણાય છે. * * * એકંદરે પુ-સ્તક સારી કાળજીથી વિદ્યાર્થીઓને લાભકારી થઈ પડે તેવી રીતે લખાયલું છે.

(જા. નં. ૨૦૮ તા. ૧૨–૮–૯૨ ગોધરા.

કે, આર. નાનજીયાણી. બી. એ.

ડેપ્યુટી. એજ્યુ. ઈ. પંચ. રેવાકાંઠા, દુનિયાં દર્પણ, નિબંધ કરમાળા વિગેરે ઘણાક ગ્રંથોના કર્તા.

ચોખવટ—આ નામનું નાનું સરખું ન્હાના કદના ૩ા ફરમાનું એક પુસ્તક તેના કર્તા રા. છગનલાલ વિદ્યારામ રાવળે બનાવેલાની એક પ્રત અમને ભેટ મળીછે. એમાં સ્વચ્છતાના સારા નિયમ સમજાવ્યા છે, જે આરોગ્ય વિદ્યાના પુસ્તકને એક મદદગાર તરીકે સાધન છે. એમાં ઘણીક ઘરની અંદરની ઝીણી બાબતોમાં સ્વચ્છતાની જ-રૂર સારી રીતે સમજાવવા સાથે તે કેમ રાખવી તે પણ

ઠીક સમજાવ્યું છે. આ પુસ્તક કેળવણીખાતા તરફથી સારી રીતે આશ્રયને યોગ્ય છે, અને તે માટે બુક કમિટી યોગ્ય વિચાર કર્યા વગર રહેશે નહીં એવી આશા છે.

હિતેચ્છુ. ૪ ફેબ્રુવારી ૧૮૯૨ અમદાવાદ.

"ચોખવટ" આ સોલપેજી ૬૪ પૃષ્ઠનું નાનકડું પુસ્તક રચનાર છોટા ઉદેપૂરના તાલુકા સ્કુલ માસ્તર રાવલ છગનલાલ વિદ્યારામ તરફથી સભાને ભેટ તરીકે મોકલ્યું છે, તે ઉપકારની સાથે માન્ય કરીયેછીયે, એ પુસ્તકનાં ૫ પ્રકરણ છે, તેમાં સ્ત્રી પુરુષોએ ચોખવટ (સ્વચ્છતા) રાખવાની સારી સૂચના બતાવેલી છે. આ પુસ્તક પુરુષ કરતાં સ્ત્રીઓને વધારે ઉપયોગી છે, માટે કન્યાશાળાઓમાં તેનો વધારે ઉપયોગ થવો જોઇએ.

ઉદીચ્ય હિતેચ્છુ. ડીસેંબર ૧૮૯૧ અમદાવાદ.

ચોખવટ—આ નામની ચોપડી છોટા ઉદેપૂરના મહેતાજી રા. છગનલાલ વિદ્યારામ રાવળે રચેલી અમને પહોચી છે. તેમાં ચોખવટ એટલે સ્વચ્છતા રાખવા વિષે લખવામાં આવ્યું છે. તેમાં સ્વચ્છ મકાનોના ફાયદા, સ્વચ્છતાથી થતા ફાયદા, ખાવા પીવામાં સુઘડતાની જરૂર, સ્વચ્છ કપડાંથી થતા ફાયદા, મનની શુદ્ધતા એવા

પાંચ વિષયો ઉપર પાંચ પ્રકરણ લખ્યાં છે. તેની ભાષા સહેલી અને વિષય ઠીક છે.

આર્યધર્મપ્રકાશ. આશ્વીન સં. ૧૯૪૮ મુંબાઈ.

"ચોખવટ" આ પુસ્તક રા. રા. છગનલાલ વિદ્યારામ રાવળનું કરેલું ૬૪ પૃષ્ટનું ડેમી સોલ પેજી કીમત ૦–૫–૦ આનાનું મળેલું છે, તેનાં પાંચ પ્રકરણમાં છેલું મનની શુદ્ધતા વિષે લખેલું છે, તે ધ્યાન આપવા જેવું છે. એ વિષે ઘણાં ઘણાં દ્રષ્ટાન્ત આપી બીજા મહાન્ પુરુષોએ જે લખેલું છે તેનું સંક્ષિપ્ત વર્ણન છે * * * છેવટ ૫૮૯ ગૃહસ્થોએ પુસ્તકને મદદ આપી છે તેમનાં નામ છાપી ઉપકાર માન્યો છે માટે ગ્રંથ કર્તાને તેની મહેનત પ્રમાણે ઠીક આશ્રય મળેલો છે. એ વાંચી હમે ખુશી થઇએ છીએ * * * છોટા ઉદેપૂરમાં રહીને કર્તાએ પોતાના ખાનગી વખતમાં ઠીક ઉદ્યોગ કરેલો છે.

બુદ્ધિપ્રકાશ. એપ્રીલ ૧૮૯૫. અમદાવાદ.